જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**અમદાવાદ શહેર માંથી ચોરી થયેલ ઈનોવા કાર-૧, નિશાન સન્ની કાર-૧, બજાજ પ્લસર મો.સા-૧ મળી કુલ્લે કિ.રૂ.૧૨,૭૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી વાહન ચોરીના ૬ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ બી. પટેલ નાઓએ અમદાવાદ શહેરમાં ફોરવ્હીલ/ટુવ્હીલ વાહનની ચોરીનાં બનાવો ખુબજ વધવા પામેલ હોય જેથી આવા વાહન ચોરીના ગુન્હાઓ તાકીદે શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્કોડના પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઈન્સ. શ્રી એ.વાય.બલોચ નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના માણસોને મળેલ બાતમી હકીકત આધારે સાબરમતી, કેશવનગર, દશામાં મંદીર પાસે આરોપી મહેશ ભૈરુલાલજી જાતે મીણા ઉ.વ.૨૩ રહેવાસીઃ ઉદાત ફલા, ગામઃ રજોલ તાઃ ખેરવાડા જીપ : ઉદેપુર રાજસ્થાન નાઓને તા.૦૧/૧૨/૨૦૧૬ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ આરોપી પાસેથી ઈનોવા કાર કિંમત રૂ.૫,૦૦,૦૦૦/- તથા નિશાન સન્ની કાર કિમત રૂ.૭,૦૦,૦૦૦/- તથા બજાજ પ્લસર RS200 મો.સા કિમત રૂ.૭૦,૦૦૦/- ની મળી કુ.કિ.રૂ.૧૨,૭૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ દરમ્યાન જાણવા મળેલ છે કે સદર આરોપી અમદાવાદ માં છુટકમાં બદલી ડ્રાયવર તરીકે કામ કરતો હતો. અને શાસ્ત્રીનગર, સાર્થક ટ્રાવેલ્સમાં કામ કરતો તે ટ્રાવેલ્સ ની ફોરવ્હીલ કાર કે જે ઓફીસ બહાર પાર્ક રહેતી જેની ચાવીઓ ઓફીસમાં રહેતી હોવાની જાણકારી તેના સાગરીતો (૧) પ્રકાશ કલાસવા (મીણા) ગામઃ દેવલ તા-જીઃડુગરપુર રાજસ્થાન (૨) અરુણ મીણા ગામઃ કાકરાડુગરા તા-ખેરવાડા જી-ઉદેપુર રાજસ્થાન (૩) અમરત મીણા ગામઃ દોવડા તા-જીઃડુગરપુર રાજસ્થાન (૪) પપ્પુ પેઝર નાઓને આપી ભેગામળી જાન્યુઆરી માસમાં શાસ્ત્રીનગર, પેટ્રોલ પંપ સામે સાર્થક ટ્રાવેલ્સ ની ઓફીસના દરવાજાનુ લોક તોડી ઓફીસમાંથી સ્વીફ્ટ ડીઝાયર કાર ની ચાવી કાઢી કારની ચોરી કરેલ ફરી તે જગ્યા પર તા.૨૭/૧૧/૧૬ ના રોજ ઓફીસના દરવાજાનુ લોક તોડી ઓફીસમાંથી ઈનોવાકાર અને નિશાન સન્ની કાર ની ચાવી કાઢી કારની ચોરી કરેલ અને કારની નંબર પ્લેટ કાઢી નાખી તે કાર વેચવા ગ્રાહકની શોધમાં હતાં.

આ સિવાય આરોપીઓ એ પોતાના અંગત વપરાશ સારુ અમદાવાદ ના પારસનગર, ઘાટલોડીયા, વાડજ વિસ્તારમાંથી ત્રણ બજાજ પલ્સર મો.સા ની ચોરી કરેલ હોવાની વિગત જણાઇ આવેલ છે.

નારણપુરા પો.સ્ટે ફ.ગુ.નં.૯૭/૧૬ ઈપીકો કલમ ૩૭૯ ના કામમાં ચોરીએ ગયેલ ઈનોવા કાર કિંમત રૂ.૫,૦૦,૦૦૦/- તથા નિશાન સન્ની કાર કિમત રૂ.૭,૦૦,૦૦૦/- કે જે રીકવર કરેલ છે.

ઘાટલોડીયા પો.સ્ટે.ફ.ગુ.નં.૧૧૫/૧૬ ઈપીકો કલમ ૩૭૯ ના ના કામમાં ચોરીએ ગયેલ બજાજ પ્લસર RS200 મો.સા કિમત રૂ.૭૦,૦૦૦/- કે જે રીકવર કરેલ છે.

નારણપુરા પો.સ્ટે.ફ.ગુ.નં.૪/૧૬ ઈપીકો કલમ ૩૭૯ મારુતી સ્વીફ્ટ ડીઝાયર કાર ચોરી કરેલ ની કબુલાત

વાડજ પો.સ્ટે.ફ.ગુ.નં.૨૧૦/૧૬ ઈપીકો કલમ ૩૭૯ બજાજ પલ્સર મો.સા ની કબુલાત

ઘાડલોડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૨/૧૬ ઈપીકો કલમ ૩૭૯ બજાજ પલ્સર મો.સા ની કબુલાત કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>છેલ્લા એક વર્ષ દરમ્યાનમાં અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાંથી ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ૨૫ જેટલા હોન્ડા એક્ટીવા સ્કુટરોની ચોરી કરનાર ઇસમને ચોરીના ૪ એક્ટીવા સાથે ઝડપી પાડી વાહન ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ બી. પટેલ નાઓએ અમદાવાદ શહેરમાં વાહન ચોરીમાં એકટીવા ચોરીના બનાવો ખુબજ વધવા પામેલ હોય જેથી કોઇ સ્પેશીફીક એક્ટીવા ચોરીના ગુન્હાઓ તાકીદે શોધી કાઢવા સારુ સુચના કરેલ હોય જેઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી એ.પી.ચૌધરી નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હેડ.કોન્સ. દિનેશકુમાર શીવમુરત તથા હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા નાઓએ તેઓને મળેલ સયુંકત બાતમી હકીકત આધારે આરોપી હિતેશ કુટરમલ જૈન ઉ.વ.૩૮, રહે. એ/૩૦૪, સત્યમ એપાર્ટમેન્ટ, સ્પેકટ્રમ ટાવર પાસે, પોલીસ સ્ટેડીયમની સામે, શાહીબાગ, અમદાવાદ નાને સાબરમતી, જવાહર ચોક ત્રણ રસ્તા પાસેથી ચોરીના હોન્ડા એક્ટીવા નંબર GJ-1-FN-4124 કિંમત રૂ.૨૫,૦૦૦/- ની મત્તાના સાથે તા.૧/૧૨/૨૦૧૬ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ સદર આરોપીએ ચોરી કરી બિનવારસી હાલતમાં મુકી દિધેલ બીજા બે એક્ટીવા કિંમત રૂ.૫૦,૦૦૦/- ની મતાના તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે. સદર આરોપી પાસેથી કુલ ૩ એક્ટીવા કિંમત રૂ.૭૫,૦૦૦/- ની મતાના કબ્જે કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત કબ્જે કરેલ તમામ હોન્ડા એક્ટીવા ની પોતે ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે હોન્ડા એક્ટીવા પોતાના ફેરવવા માટે ચોરી કરેલ હતા. બાદ તેને ફેરવી પેટ્રોલ પુરુ થતા બિનવાસરી હાલતમાં મુકી દેતો હતો.

સદર હોન્ડા એક્ટીવા ચોરીઓ બાબતે અડાલજ પોલીસ સ્ટેશન, ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન, નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન, કલોલ સીટી પોલીસ સ્ટેશન ખાતે મળી કુલ ૪ ફરીયાદ નોંધાયેલ હોય જેથી સદર આરોપીને આગળની વધુ તપાસ અર્થે ઉપરોક્ત પોલીસ સ્ટેશનો ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપીએ અગીયાર વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરેલ હતા. જેના લગ્ન જીવન દરમ્યાન તેને સંતાનમાં બે દિકરી થયેલ. પરંતુ આજથી અઢી વર્ષ પહેલા તેની પત્નિ બન્ને દિકરીઓને લઇ તેના પિયર જતી રહેલ હોય જેથી આરોપી તેની યાદમાં દારુ પીવાની લતે ચડી ગયેલ હતો. અને બેકાર જીવન જીવવા લાગેલ આ સમય ગાળામાં તેની પાસે આવકનુ કોઇ સાધન ન હોય તેમજ કોઇ વાહન ન હોય જેથી તે અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારમાંથી ડુપ્લીકેટ ચાવીથી એક્ટીવાનુ લોક ખોલી તેની ચોરી કરી લેતો અને ફેરવતો બાદ તેમાં પેટ્રોલ પુરુ થાય ત્યારે એક્ટીવા રસ્તામાં બિનવારસી હાલતમાં મુકી દેતો અને નજીક માંથી બીજુ એક્ટીવા ચોરી લેતો હતો. તેમજ ક્યારેક પૈસાની જરૂર પડે તો ચોરી કરેલ એક્ટીવા માંથી બેટરી કાઢી વેચી નાંખતો હતો.

અગાઉ નવેમ્બર-૨૦૧૫ થી ફેબ્રુઆરી-૨૦૧૬ દરમ્યાન અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તાર માંથી તેણે ૧૫ એક્ટીવાની ચોરી કરેલ હતી. જેમાં પકડાઇ જતા દોઢ મહિનો જેલમાં રહેલ તેમજ સુરત જેલમાં પાસા ભોગવી ચુકેલ છે.

તેમજ જુન-૨૦૧૬ થી ઓક્ટોબર-૨૦૧૬ દરમ્યાન અમદાવાદ શહેર ના અલગ-અલગ વિસ્તાર માંથી તેણે ૪ એક્ટીવાની ચોરી કરેલ હતી. જે ગુનાઓમાં પકડાઇ ચુકેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)